PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૪/કવા–૦૪/૧૬–૧૭/ ૯૬૦૭ તા. ૨૭/૦૨/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
માંડણભાઈ ગોપાલભાઈ ડોડીયા,
ગામ: મોટા રજપુતવાસ,
તા.પડધરી
જી. રાજકોટ
મો: ૮૨૨૮૧ ૧૦૦૮૧

**વિષય :–નવા ખેતીવાડી વીજજોડાણ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૩૦–૦૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૪/કવા–૦૪/૧૬–૧૭)**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૩...)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, પડધરી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. :'સીજીઆરએફ : ૩૪/કવા.-૦૪/૧૬-૧૭ | કમિટિ મીટીંગ તા.૨૨-૦૨-૧૭ | સ્થળ :-રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: -(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: માંડણભાઈ ગોપાલભાઈ ડોડીયા, ગામ: મોટા રજપુતવાસ

રજુઆત કરનાર : અરજદાર શ્રી ના પુત્ર સાગરભાઈ માંડણભાઈ ડોડીયા હાજર રહેલ હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: -(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, પડધરી (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેતીવાડી વીજજોડાણ બાબત**

**મુદદા નં.-૧ : પક્ષકાર નં. -(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ની પડધરી ખાતે ના, ખેતીવાડી સર્વે નંબર : ૩૫૨ (હાલના નવા-૨૧૭) મા, સામાન્ય યોજના હેઠળ નુ નવુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની, અગાઉ ની રૂ.૨૦૦/- નોંધણીચાર્જ ભરપાઈ કરાયેલ તા.૧૩-૦૧-૧૧ ની અરજી, જે હાલ મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ છે. પીજીવીસીએલ દ્વારા માંગવામા આવેલ અધતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ પણ તેઓએ કચેરી મા રજુ કરી આપેલ છે. પરંતુ, પીજીવીસીએલ ના જણાવવા મુજબ, સદર સર્વે નંબર મા એક જોડાણ હૈયાત હોય, બીજુ જોડાણ આપી શકાય નહી. તે મુજબ ના કારણોસર, તેમને જોડાણ આપવાની કાર્યવાહી કરાયેલ નથી. વિશેષ સ્પષ્ટતા કરતા, અરજદાર જણાવેછે કે, સદર સર્વે નંબર ની જમીન, ૦૮ એકર થી વધુ છે. સરકાર શ્રી ના તાજેતર ના નિયમ મુજબ, આ જમીન પર બીજુ જોડાણ આપવાની થયેલ જોગવાઈ મુજબ, તેઓને સદર જોડાણ આપવા,અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.-૨ : પક્ષકાર નં. -(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ની માંડણભાઈ ગોપાલભાઈ ડોડીયા ની પડધરી ખાતે ના, ખેતીવાડી સર્વે નંબર : ૩૫૨ (હાલના નવા-૨૧૭) મા, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની, અગાઉ ની રૂ.૨૦૦/- નોંધણીચાર્જ ભરપાઈ કરાયેલ તા.૧૩-૦૧-૧૧ ની અરજી, જે હાલ મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવતા, પીજીવીસીએલ દ્વારા માંગવામા આવતા, સબંધક એવી પડધરી પેટા વિભાગીય કચેરી દ્વારા, માંગણી મુજબ ના સ્થળ અને માંગણીદાર ની વૈધાનીક અને કાયદેસર ની- અધતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ, અરજદાર પાસેથી માંગવામા આવેલ હતા. તદ ઉપરાંત, સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, માંગણી મુજબ ના ખેતીવાડી સર્વે નંબર : ૩૫૨ (હાલના નવા સર્વે નંબર -૨૧૭) ના સ્થળ નુ પણ કરાયેલ હતુ. સદર સર્વેક્ષણ દરમ્યાન, માંગણી મુજબ ના ખેતીવાડી સર્વે નંબર : ૩૫૨ (હાલના નવા સર્વે નંબર -૨૧૭) મા, '' અરજદાર શ્રી માંડણભાઈ ગોપાલભાઈ ડોડીયા ના નામનુ જ - એક ખેતીવાડી વીજજોડાણ'' જે ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૫૦૦૧/૦૫૦૬૩/૪ થી" હૈયાત હોવાની સ્પષ્ટતા પીજીવીસીએલ ને મળેલ હતી. જેથી, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવી નિયમાધીન પ્રણાલી મુજબ, એક જ સર્વે નંબર મા બીજુ જોડાણ આપી શકાય નહી. તે મુજબ ની જાણકારી, સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી ને તા.૦૪-૧૦-૧૬ ના લેખીત પત્રથી અપાયેલ હતી. જેના અનુસંધાને, અરજદાર શ્રી એ, તેમના માંગણી મુજબ ના ખેતીવાડી સર્વે નંબર : ૩૫૨ (હાલના નવા સર્વે નંબર -૨૧૭) નુ ક્ષેત્રફળ ૩.૩૧.૫૦ હેકટર ( ૮.૦૭ એકર) - એટલેકે ૦૮ એકર થી વધુ હોય, અને સરકાર શ્રી ના તાજેતર ના નિયમ મુજબ, આ મુજબ ની ૦૮ એકર થી વધુ ખેતીવાડી ની જમીન પર, બીજુ જોડાણ આપવાની જોગવાઈ થયેલ છે. તે મુજબ ની પીજીવીસીએલ મા અને હાલ ના તબ્બકે, ફોરમ સમક્ષ રજુઆત આપેલ છે. |

| | |
|---|---|
| **૨.૨** | આમ, ફરીયાદી અરજદાર શ્રી ની માંગણી મુજબ ના ખેતીવાડી સર્વે નંબર : ૩૫૨ (હાલના નવા સર્વે નંબર –૨૧૭) મા, ફરીયાદી શ્રી ના નામનુ જ, એક ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૫૦૦૧/૦૫૦૬૩/૪ હૈયાત હોય, જેથી – તેઓ શ્રી ની તા.૧૩–૦૧–૧૧ ના રોજ ની, સામાન્ય યોજના હેઠળ ના, નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી મુજબ નુ, બીજુ જોડાણ મળી શકે નહી. તદ ઉપરાંત, હાલ ના તબ્બકે, રાજયસરકાર શ્રી ના પરીપત્ર નં. : જીયુવી – ૨૦૧૬ – ૨૬૩૬– કે૧, તા.૧૮–૧૦–૧૬ મા કરાયેલ જોગવાઈ અન્વયે ના, જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટિક–૨/આરએનઆર/૨૦૪૪, તા.૨૫–૧૦–૧૬ મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ મુજબ, ''સરકાર શ્રી ના સદર પરીપત્ર ની તારીખ: ૧૮–૧૦–૧૬ પછી જ – નવા ખેતીવાડી વીજજોડાણ ની નોંધાયેલ અરજી વાળા ખેડુત અરજદારો ને'' ૮ એકર થી વધુ ખેતીવાડી ની જમીન પર, એક જોડાણ હૈયાત હોવા છતા, બીજુ જોડાણ આપવાની જોગવાઈ છે. પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી અરજી, જે તા.૧૩–૦૧–૧૧ ના રોજ ની છે, એટલેકે સરકાર શ્રી ના પરીપત્ર તા.૧૮–૧૦–૧૬ પહેલાની નોંધાયેલ છે, પરીપત્ર તાં. ૧૮–૧૦–૧૬ પછી નોંધાયેલ નથી. આવા – સરકાર શ્રી ના નિતિવિષયક બાબતો અન્વયે ના, જીયુવીએનએલ ના માર્ગદર્શન હેઠળ ના, પીજીવીસીએલ ના પ્રવર્તમાન નિયમ ને આનુષાંગીક રહેતા – અરજદાર શ્રી ને, તેમની હાલ ના તબ્બકાની મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ એવી અગાઉ તા.૧૩–૦૧–૧૧ ના રોજ નોંધાયેલ અરજી અન્વયે નુ, નવુ ખેતીવાડી વીજજોડાણ, જે માંગણી મુજબ ના સ્થળ, એટલેકે ખેતીવાડી સર્વે નંબર : ૩૫૨ (હાલના નવા સર્વે નંબર –૨૧૭) મા આપી શકાય નહી. આ બાબત પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની, તેમના ગામ: મોટા રજપુતવાસ ખાતે આવેલ, ખેતીવાડી સર્વે નંબર : ૩૫૨ (હાલના નવા સર્વે નંબર –૨૧૭) મા અગાઉ નોંધાયેલ તા.૧૩–૦૧–૧૧ ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે હાલ ના તબ્બકે, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ હોય, પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે સ્થળ સવેક્ષણ કરતા, આ સર્વે નંબર મા અરજદાર શ્રી ના નામનુ જ, એક ખેતીવાડી વીજજોડાણ હૈયાત હોવાની બાબત, પીજીવીસીએલ ને જણાયેલ હોવાના કારણોસર, આ સર્વે નંબર મા, સદર તા.૧૩–૦૧–૧૧ ની અરજી ના અનુસંધાને, બીજુ જોડાણ આપવાની બાબત નિયમાધીન ન હોવાની જાણકારી, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી અરજદાર શ્રી ને અપાયેલ છે. તે બાબત પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હોવાનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૨** | તદ ઉપરાંત, ફરીયાદી અરજદાર શ્રી એ, તેમની ફોરમ સમક્ષ ની સવાલવાળી મુદદા નં. ૧.૧ મુજબ ની અરજી મા કરાયેલ, મુખ્ય માંગણી મુજબ, તેઓ શ્રી ની અગાઉ ની તા.૧૩–૦૧–૧૧ ની નોંધણીવાળી અરજી અન્વયે નુ નવુ ખેતીવાડી વીજજોડાણ, જે મુળ માંગણી મુજબ ના સર્વે નંબર નુ ક્ષેત્રફળ ૮એકર થી વિશેષ હોય, આ સર્વે નંબર મા , આ નવી અરજી વાળુ જોડાણ આપવાની વિનંતી કરેલ છે. પરંતુ, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે, હાલ ના તબ્બકે, રાજયસરકાર શ્રી ના પરીપત્ર નં. : જીયુવી – ૨૦૧૬ – ૨૬૩૬– કે૧, તા.૧૮–૧૦–૧૬ મા કરાયેલ જોગવાઈ અન્વયે ના, જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટિક–૨/આરએનઆર/૨૦૪૪, તા.૨૫–૧૦–૧૬ મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ મુજબ, પીજીવીસીએલ મા રહેલ નિયમાધીન પ્રણાલી મુજબ, '' સરકાર શ્રી ના સદર પરીપત્ર ની તારીખ: ૧૮–૧૦–૧૬ પછી જ – નવા ખેતીવાડી વીજજોડાણ ની નોંધાયેલ અરજી વાળા ખેડુત અરજદારો ને'' ૮ એકર થી વધુ ખેતીવાડી ની જમીન પર, એક જોડાણ હૈયાત હોવા છતા, બીજુ જોડાણ આપવાની જોગવાઈ છે. પરંતુ જયારે, ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી અરજી, જે તા.૧૩–૦૧–૧૧ ના રોજ ની – એટલેકે સરકાર શ્રી ના પરીપત્ર તા.૧૮–૧૦–૧૬ પહેલાની નોંધાયેલ છે, પરીપત્ર તાં. ૧૮–૧૦–૧૬ પછી નોંધાયેલ નથી. આવા – સરકાર શ્રી ના નિતિવિષયક બાબતો અન્વયે ના, જીયુવીએનએલ ના માર્ગદર્શન હેઠળ ના, પીજીવીસીએલ ના પ્રવર્તમાન નિયમ ને આનુષાંગીક રહેતા – અરજદાર શ્રી ને, તેમની હાલ ના તબ્બકાની – મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ એવી અગાઉ તા.૧૩–૦૧–૧૧ ના રોજ નોંધાયેલ અરજી અન્વયે નુ, નવુ ખેતીવાડી વીજજોડાણ, જે માંગણી મુજબ ના સ્થળ, એટલેકે ખેતીવાડી સર્વે નંબર : ૩૫૨ (હાલના નવા સર્વે નંબર –૨૧૭) મા આપી શકાય નહી. આ બાબત પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હોવાનો ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૩** | તેમ છતા, હાલ ના તબ્બકે, સરકાર શ્રી ની નિતિ–વિષયક બાબત અન્વયે ના, જીયુવીએનએલ ના માર્ગદર્શક પરીપત્ર મા કરાયેલ શરતો અને જોગવાઈઓ અન્વયેના, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ નિયમાધીન જોગવાઈઓને અનુસંધાને, અરજદાર ના આ સર્વે નંબર – ખેતીવાડી સર્વે નંબર : ૩૫ર (હાલના નવા સર્વે નંબર –ર૧૭) મા આવેલ હૈયાત જોડાણ નુ મીટર નુ સ્થળ ( પોઈન્ટ ઓફ સપ્લાય) બદલાવ્યા વગર, જોડાણ ના કરારીત વીજભારમા – જરૂરી એવા વધારાના હોપાનો વીજભાર વધારો મેળવી – અને તે મુજબ મેળવેલ વધારાના હોપાની મોટર – આજ સર્વે નંબર મા આવેલ અન્ય કુવા પર / બોર મા વાપરી શકાશે. અરજદાર શ્રી એ, આ મુજબ ની વિધીસર ની અરજી પીજીવીસીએલ ની સબંધક કચેરી મા નોધાવવાની રહેશે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મા વર્ણવ્યા મુજબ ની વિગતો ને આનુષાંગક રહેતા, નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.ર મા વર્ણવ્યા મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ને, તેમની હાલ ના તબ્બકાની – મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ એવી અગાઉ તા.૧૩–૦૧–૧૧ ના રોજ નોંધાયેલ અરજી અન્વયે નુ, નવુ ખેતીવાડી વીજજોડાણ, જે માંગણી મુજબ ના સ્થળ, એટલેકે ખેતીવાડી સર્વે નંબર : ૩૫ર (હાલના નવા સર્વે નંબર –ર૧૭) મા આપી શકાય નહી. પરંતુ, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૩ મા વર્ણવ્યા મુજબ ની વિગતે, આ જ – ખેતીવાડી સર્વે નંબર : ૩૫ર (હાલના નવા સર્વે નંબર –ર૧૭) મા આવેલ હૈયાત જોડાણ નુ મીટર નુ સ્થળ ( પોઈન્ટ ઓફ સપ્લાય) બદલાવ્યા વગર, જોડાણ ના કરારીત વીજભારમા – જરૂરી એવા વધારાના હોપાનો વીજભાર વધારો મેળવી – અને તે મુજબ મેળવેલ વધારાના હોપાની મોટર – આજ સર્વે નંબર મા આવેલ અન્ય કુવા પર / બોર મા વાપરી શકાશે. અરજદાર શ્રી એ, આ મુજબ ની વિધીસર ની અરજી પીજીવીસીએલ ની સબંધક કચેરી મા નોધાવવાની રહેશે. આ નિયમાધીન બાબત ની અરજદાર શ્રી ને જાણકારી આપવાનો, સદર કેઈસ મા, હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**(ટી.બી.ભીમાણી)**
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય** સામે, નિર્ણયપત્ર **મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી,** બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, **આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫"** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ **પીજીવીસીએલમાં** વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..